ગાંધીનગર સમાચાર

શહેરના આંતરિક વિસ્તારો બસ સેવાથી વંચિત

## @ગાંધીનગર

● ગાયત્રી પરિવારની યુગ સાહિત્ય વિસ્તાર યોજના અંતર્ગત શોભાયાત્રા ૨.૦૦ કલાકે સેકટર-૧૨-ડી બલરામ મંદિર પરિસર ખાતેથી નીકળશે.

● લેકાવાડાની ચૈતન્ય સ્કૂલ ખાતે સાંજે ૫.૦૦ કલાકે ચૈતન્ય ઉત્સવ ૨૦૧૫નો કાર્યક્રમ યોજાશે.

● રામ કથા સમિતિ દ્વારા બપોરે ૨.૦૦ કલાકે સેકટર-૫-સી, નવરાત્રી ચોક ખાતે સંજયભારતીના વ્યાસ પીઠે રામકથા યોજાશે.

● સે-૧૭ ટાઉનહોલ ખાતે બપોરે ૨ થી ૮ કલાક દરમિયાન દિલ્હી પબ્લિક સ્કૂલનું એન્યુઅલ ફંકશન યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# રસ્તે રઝળતી ખંડિત મૂર્તિઓથી શ્રધ્ધાળુઓને ઠેસ

## ઘ રોડ પર સે-૧૬/૧૭ ચોકડીએ જુની, તુટેલી મૂર્તિઓ તસવીરોનો ખડકલો

ગાંધીનગર, તા.૧૭

અત્યારના ઝડપી યુગમાં માનવી એટલો બધો સ્વાર્થી થયેલો જણાય છે કે જેને એ પૂજે છે તેને એક દિ' રસ્તે રઝળતા કરતા પણ અચકાતો નથી. આજના યુગમાં માણસ કપડાં બદલે તેના કરતા વધુ ઝડપે પોતાની શ્રધ્ધા બદલે છે. એક વાર જેનો ખપ પૂરો થઈ જાય એટલે તેનો ત્યાગ કરી નવું અપનાવતા તેને વાર નથી લાગતી અને જેનો ખપ પૂરો થઈ ગયો તેને ત્યજી દેતા ઘડીકવાર પણ વિચાર કરતો નથી. ગાંધીનગરના ઘ રોડ પર સે-૧૬/૧૭ના ખાંચે એક એવું સ્થળ છે જયાં નગરજનો ભગવાનની જુની થઈ ગયેલી તુટલી ફુટેલી મૂર્તિઓ, તસવીરો વગેરે મુકી જાય છે. આ કારણે અહીં સર્જાયેલ દૃશ્ય જોઈ ઘણા શ્રધ્ધાળુઓના હૃદયને ઠેસ પહોચે છે. વળી તંત્ર દ્વારા પણ આ બાબતે કોઈ પગલા લેવાતા નથી.

એક સમયે જે ભગવાનની મૂર્તિની દરરોજ પૂજા કરાતી હોય, પોતાની મનોકામના પુરી કરવા જેની સમક્ષ આજીજી-વિનવણીઓ કરાતી હોય, જેને નિયમિત સાજ શણગારથી સજાવવામાં આવતા હોય અને અવનવા ભોગ ધરાવાતા હોય તેવી મૂર્તિઓ પુરાણી થતા અથવા કોઈ કારણસર તેમાં તૂટ-ફૂટ થતા ભાવિક બધી જ શ્રધ્ધા-આસ્થા નેવે મુકી તેને રસ્તા વચ્ચે મૂકી આવતા અચકાતા નથી. આમ પણ દર વર્ષે શ્રધ્ધાળુઓ ગણપતિ, દશામા વગેરેને નદી-નાળા-તળાવોમાં વિસર્જન કરે છે અને ત્યારબાદ ભરપૂર ભકિતભાવથી પૂજાયેલ તે મૂર્તિઓની દુદર્શા જોઈ ઘણા શ્રધ્ધાળુઓના હૃદય હચમચી ઉઠે છે. એક તરફ મૂર્તિઓના વિસર્જન કરી પર્યાવરણનો પણ નુકસાન પહોંચાડાય છે તો બીજી તરફ મૂર્તિઓની દુદર્શા કરી અનેકની શ્રધ્ધાને ઠેસ પહોંચાડાય છે.

આજ પ્રકારની પરિસ્થિતિ ઘ રોડ પર પણ જોવા મળી રહી છે. અહીં સે ૧૬/૧૭ના રસ્તે એક પીપળાના ઝાડના ઓટલાને નાગરિકોએ જાણે જૂની પુરાણી મૂર્તિઓનું નિકાલ સ્થળ બનાવી દીધું છે. અહીં અનેક દેવી દેવતાઓની મૂર્તિઓનો ખડકલો થવા પામ્યો છે. આ મૂર્તિઓ સાથે દેવી દેવતાઓની જૂની તસવીરોનો પણ નિકાલ અહીં જ કરવામાં આવી રહ્યો છે. આ કારણે અહીંથી પસાર થતા અનેક શ્રધ્ધાળુઓની નજર આ ખંડીત મૂર્તિઓ તથા તસવીરો પર પડે છે. મૂર્તિઓ તસવીરોની દુદર્શા જોઈ તેમના હૃદયને ઠેસ પણ પહોંચી રહી છે. તેમના મનમાં સવાલો પેદા થાય છે કે જે ઈશ્વરની મૂર્તિની પૂજા અર્ચના કરી હતી તેનો યોગ્ય નિકાલ પણ ના કરી શકાયો. વળી આ ખંડિત મૂર્તિઓનો ખડકલો ધીમે ધીમે એટલો બધો વધી રહ્યો છે કે તંત્રએ સત્વરે અહીં પગલાં લેવાની જરૂર જણાઈ રહી છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● સાંજના સુમારે વાવોલ ફાટક નજીક મર્ડરની ઘટના પ્રકાશમાં આવતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવાઈ હતી. બરાબર આજ સમયે મુખ્યમંત્રીના બંદોબસ્તમાં રોકાયેલ ૧૦૮ એમ્બ્યુલન્સ તુરંત જ ઘટનાસ્થળે ઘસી ગઈ હતી અને કાર્યવાહી પતાવી ફરી પાછી બંદોબસ્તમાં ગોઠવાઈ ગઈ હતી.

● વાવોલ ફાટક નજીક મર્ડર થયાની વાત વાયુવેગે ફેલાઈ જતા જ ઘણા નાગરિકો ત્યાં ઘસી ગયા હતા અને પોતાના મોબાઈલથી તસવીરો લેવા લાગ્યા હતા. અચાનક ત્યાં પોલીસ આવતા જ પુછપરછ શરૂ કરી મોબાઈલમાંથી ફોટા ડીલીટ કરાવતા બધાએ ત્યાંથી રફુચક્કર થવાનું મુનાસીબ માન્યુ હતુ જ્યારે ખૂન જેવી ઘટનામાં પણ લોકોને મોબાઈલ ફોટોગ્રાફીને ક્રેઝ થાય છે તે જાણી અચંબો થયો હતો.

● એસ.ટી. તંત્ર, પોલીસ અને આરટીઓની મીલીભગતથી પ્રાંતિજ-અમદાવાદ વાયા ગાંધીનગર રૂટ પર હપ્તાખોરી આચરાતી હોવાનું કૌભાંડ બહાર આવતા જ અન્ય ''મલાઈદાર'' રૂટ પર પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. આ સાથે શટલિયા જીપો અને અન્ય મુસાફર વાહનો પર પણ તવાઈ આવી છે.

● ઘ-દોઢ પાસે એક કંપનીની ડેમો કાર અને અન્ય કાર અચાનક સામ સામે આવી હતી. સદ્દભાગ્યે સ્હેજ માટે અકસ્માત સર્જાતા રહી ગયો હતો. આ સમયે બંને કારચાલકોએ મારેલી સોલિડ બ્રેકના અવાજની ચિચિયારીથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

● સે. ૪ થી વાસણા હડમતીયા તરફનો માર્ગ સંપૂર્ણ બિસ્માર હાલતમાં છે. આ માર્ગનું સત્વરે નવનીકરણ કરાય તેવી આ વિસ્તારના રહીશોની માંગ છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## નોકરીની લાલચ આપી ચીટીંગ કરતા શખ્સ પાસેથી રૂ. ૭ લાખ રીકવર

### ૧૫ ઉમેદવારો પાસેથી રૂપિયા ઉઘરાવ્યા હતા : આરોપીના રિમાન્ડ પુરા થતા સેન્ટ્રલ જેલ હવાલે ધકેલાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર એલસીબની ટીમે નવ દિવસ પહેલા સીપીડબલ્યુ ડી વિભાગમાં નોકરી અપાવવાની લાલચ આપીને ઉમેદવારો પાસેથી રૂપિયા ઉઘરાવતા શખ્સને પકડી પાડયો હતો. સે-૭ પોલીસે રિમાન્ડ દરમિયાન આ આરોપી પાસેથી ઉમેદવારોના રૂ. ૭ લાખ રિકવર કરી રિમાન્ડ સમાપ્ત થતા તેને સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધો છે.

એલસીબીએ ૮ ડિસેમ્બરે બાતમીને આધારે સે-૧૦ પાસેથી સન્ડીપ્રસાદ રામગોપાલ મીણાને પકડી પાડયો હતો. સેન્ટ્રલ પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટમાં નોકરીની લાલચ આપી ઉમેદવારો પાસેથી મેળવેલા ડોકયુમેન્ટ આધારે જુદા જુદા વ્યકિતઓના નામે ટ્રેનીંગ લેટરો તૈયાર કરી રૂપિયા પડાવતા સન્ડીપ્રસાદ મીણાની ધરપકડ કરી સે-૭ પોલીસના હવાલે કર્યો હતો. પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમે રિમાન્ડ મેળવીને સતત પુછપરછ કરતા ૧૫ ઉમેદવારોના રૂપિયા લીધા હોવાનું કબુલ્યું છે તે ઉમેદવારો પાસેથી મેળવેલા રૂ. ૭ લાખ પોલીસે રીકવર કરી લીધા છે. આરોપીના રિમાન્ડ પુર્ણ થતા આજે તેને સેન્ટ્રલ જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો છે. આ શખ્સ એકલા હાથે છેતરપીંડી કરતો હોવાનું તપાસમાં ખુલ્યું છે.



## વડનગરા નાગર મંડળનો ૨૦મીનો કાર્યક્રમ હવે ૩૧મી જાન્યુઆરીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

વડનગરા નાગર મંડળ દ્વારા કાઠિયાવાડી જલસા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાઠિયાવાડી જલસાનો કાર્યક્રમ તા. ૨૦ ડિસેમ્બરના રોજ યોજાવાનો હતો જે અનિવાર્ય સંજોગોના કારણે હવે તા. ૩૧મી જાન્યુઆરીના રોજ સવારે ૯-૦૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમના સ્થળમાં કોઈ પણ ફેરફાર કરવામાં આવ્યો નથી. સર્વે જ્ઞાતિજનોને જલસામાં હાજર રહેવા મંડળના મંત્રી તરંગ હાથીએ જણાવ્યું છે.

# ફતેપુરા ગામમાં મહાકાળી મંદિરની ૧૭મી વર્ષગાંઠ ઉજવાઈ

## મહાકાળી માતાજીની પાલખીની ઘરે ઘરે પધરામણી કરાઈ

## રાત્રે યોજાયેલા ગરબામાં વિક્રમ ઠાકોરે રંગ જામાવ્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સે. ૧૫માં આવેલા ફતેપુરા ગામ ખાતે મહાકાળી માતાજીના મંદિરની ૧૭મી વર્ષગાંઠની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીમાં માતાજીની પાલખી આખા ગામમાં ફરી હતી તેમજ રાત્રે ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં જાણીતા ગુજરાતી ફિલ્મ અભિનેતા વિક્રમ ઠાકોરે ઉપસ્થિત રહી ગ્રામજનોને મોજ કરાવી હતી.

ફતેપુરા ગામમાં સુપ્રસિદ્ધ મહાકાળી માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિરની પ્રતિષ્ઠાને આજે ૧૭ વર્ષ પૂર્ણ થતાં તેની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં સવારે ૯ વાગે મહાકાળી માતાજીની પાલખી નીકળી હતી. જેની ગામમાં ઘરે ઘરે પધરામણી કરવામાં આવી હતી. દરેક શ્રદ્ધાળુ ગ્રામજનો માતાજીની પાલખીના દર્શન કરી ધન્ય બન્યો હતા. માતાજીની આ સવારી બપોરના સાડા ત્રણ વાગ્યા સુધી ચાલી હતી. જેમાં ગામના અબાલવૃદ્ધ સૌ કોઈ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ ઉપરાંત આ પ્રસંગે રાત્રે ગામમાં રાસ-ગરબાનું આયોજન કરાયું હતું. આ ગરબામાં ફતેપુરા ગામના નિવાસી જાણીતા ગુજરાતી ફિલ્મ અભિનેતા વિક્રમ ઠાકોરે ભારે રંગ જમાવ્યો હતો. ગ્રામવાસીઓએ સમગ્ર પ્રસંગને ભારે ઉલ્લાસપૂર્વક માહોલમાં ઉજવ્યો હતો.



# ડાબર કંપનીના રીયલ ફ્રૂટ જ્યુસમાં બે દિવસમાં જ ફુગ લાગી ગઈ

ગાંધીનગર, તા. ૧૭

ઘણા ગ્રાહકોને એવી ગેરમાન્યતા હોય છે કે મોટી કંપની કે બ્રાન્ડવાળી ચીજવસ્તુઓ જ વિશ્વાસપાત્ર હોય છે. તેમની આ માન્યતાના કારણે ઘણીવાર તેઓ મોટી બ્રાન્ડના નામે વધુ પૈસા પણ ચુકવી દેતા હોય છે. જો કે ગાંધીનગરના એક પરિવારને અનુભવ થયેલો કિસ્સો આ પ્રકારના ગ્રાહકો માટે લાલબત્તી સમાન છે. જે ફ્રુટજ્યુસ સાત માસ સુધી તાજુ રહી શકે છે તેવું તેના પેકિંગ પર સ્પષ્ટ લખતી સુવિખ્યાત કંપની તેના માત્ર બે જ દિવસમાં ફુગના કારણે બગડી ગયેલ જ્યુસની ફરિયાદનો હજુ સુધી જવાબ સુદ્ધા આપી શકી નથી. ગ્રાહક દ્વારા અનેકવાર કોલસેન્ટર પર અને ઈમેલ દ્વારા ફરિયાદ કરવા છતાં કંપની આ મુદ્દે ઠાગાઠૈયા કરી રહી છે.



ગાંધીનગરના સે. ૪-સીમાં રહેતા ડૉ. જયેશ ગોહેલે ડાબર કંપનીના 'રીઅલફ્રુટ જ્યુસ'ના એક લીટરના એવા ચાર પેકેટ ખરીદ્યા હતા. આ પેકેટ પર સાત મહિના સુધી વાપરી શકાય તે પ્રમાણે દર્શાવેલુ હતુ. આ પેકેટ તેમણે ઘરે લાવી પોતાના ફ્રીઝમાં મુકી દીધા હતા. પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે માત્ર બે જ દિવસમાં ચારમાંથી બે પેકેટ એકાએક ફુલી જવા પામ્યા હતા. ખાદ્ય પદાર્થમાં ફુગ લાગવાથી તે ફુલી જતા હોય છે. તે રીતે જ આ બંને પેકેટ ફુલી ગયા હતા. આ જોઈ ડૉ. ગોહેલે પેકેટ પર કંપનીનો કસ્ટમર કેર નંબર લખેલો હતો તેના પર ફરિયાદ નોંધાવી જે માટે તેમનો ફરિયાદ નં. ડીઆઈ૨૦૧૫૧૦૨૩૩૦૭ ફાળવવામાં આવ્યો હતો. આ ફરિયાદના જવાબમાં તેમને બે દિવસમાં ''આપના ઘરે આવી પેકેટ્સ બદલી આપીશુ'' જેવી હૈયાધારણ અપાઈ હતી. બે ના બદલે ચાર દિવસ વીતવા છતાં ડાબર ઈન્ડિયા કંપનીના કોઈ જ પ્રતિનિધિ કે જવાબ ના આવતા ગ્રાહકે ફરી ફોન કર્યો તો એવું જણાવાવમાં આવ્યું કે ફરિયાદ નિવારણનો સમયગાળો ૯ દિવસનો છે માટે તમે પેકેટ્સ સાચવી રાખશો.

આ પછી પણ ઘણા દિવસ પસાર થઈ જવા છતાં કંપની તરફથી કોઈ જ પ્રતિભાવ કે પ્રતિનિધિ ના આવતા અંતે ગ્રાહકે પોતાના ઘરમાં અન્ય ચીજવસ્તુઓ ના બગડે તે માટે પેલા પેકેટ્સનો નિકાલ કરવો પડ્યો અને સાથે સાથે કંપનીને ઈમેલ પણ કર્યો. આ ઈમેલ કર્યાને પણ બે માસ જેટલો સમય વીતવા છતાં હજુ સુધી કંપનીએ કોઈ જ સંતોષકારક પ્રત્યુત્તર આપ્યો નથી. હજુ પણ ગ્રાહક ફોન કરે ત્યારે અમારા પ્રતિનિધિ આપના ઘરે આવશે તેવુ રટણ કરાય છે. ગ્રાહકે કોલ સેન્ટરના ટેલીકોલરને કંપનીના જવાબદાર અધિકારીઓ સાથે વાત કરાવવા પણ માંગ કરી તો બધા અધિકારીઓ ખૂબ વ્યસ્ત છે. આમ, ડાબર ઈન્ડિયા જેવી રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત અને જાણીતી કંપની દ્વારા ભણેલા ગણેલા ગ્રાહકો સાથે પણ છેતરપીંડી કરાઈ રહી હોવાનું ગ્રાહકને અનુભવાઈ રહ્યું છે. જો આગામી દિવસોમાં કંપની દ્વારા યોગ્ય નિરાકરણ રજુ નહી કરાય તો પોતાને થયેલા અન્યાય બાબતે ગ્રાહકે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરવા સુધી જવાની તૈયારી હાથ ધરી છે.

## ગાંધીનગર સિવિલમાં સુપ્રિટેન્ડેન્ટને મળવા આવતા દર્દીને ધક્કા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના નિદાન માટે આવે છે. દર્દીઓને તંત્રની કોઈ ફરિયાદ કે પુછપરછ કે જરુરી સહી સિક્કા માટે દર્દીઓ સિવિલ સુપ્રિટેન્ડન્ટ પાસે આવતા હોય છે. પરંતુ દર્દીઓને ઓફીસ ખાલી જોઈ ધક્કા ખાવા પડે છે. સિવિલ સુપ્રિટેન્ડન્ટ અન્ય ચાર જગ્યાના ચાર્જ સંભાળતા હોવાથી ઓફીસ ખાલી જોઈ દર્દીઓ સાહેબ મળશે કયારે તેવો સવાલ કરતા જોવા મળે છે.સિવિલમાં દર્દીઓને સતાધિશ ન દેખાતા રોષ જોવા મળ્યો છે.

ગાંધીનગર સિવિલ મેડીકલ કોલેજ બનતા દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થવા પામ્યો છે. ગાંધીનગર સિવિલ જીલ્લાકક્ષાની હોસ્પિટલ હોવાથી દર્દીઓનો ભારે ધસારો જોવા મળે છે. વિવિધ રોગના નિદાન માટે આવતા દર્દીઓને સારવાર તેમજ અન્ય તંત્રને લગતી ફરિયાદ તેમજ અગત્યના કાગળમાં સિવિલ સુપ્રિટેન્ડન્ટના સહીસિક્કા જરુરી હોવાથી દર્દીઓ ઓફીસે જાય છે. પરંતુ દર્દીઓને ઓફીસમાં સાહેબ નથી કાલે આવજો ના જવાબો કર્મચારી દ્વારા સાંભળવા મળે છે. દુરદુરથી આવતા દર્દીઓ તેમજ મુલાકાતીઓને સુપ્રિટેન્ડન્ટ ન મળતા ધક્કા ખાવાનો વારો આવે છે જયારે અનેક ધક્કા ખાધા હોવા છતા ન મળતા દર્દીઓમાં રોષ ફેલાયો છે. સિવિલના સતાધિશ ખુદ સિવિલમાં ન હોવાથી લાલીયાવાડીમાં પણ વધારો નોંધાયો છે. પરંતુ સિવિલના સુપ્રિટેન્ડન્ટ હોસ્પિટલમાં ગાયનેક હેડ, હિંમતનગર નોડલ ઓફીસર, જી.એમ.ઈ.આર.એસ માં ડેપ્યુટી સી.ઈ.ઓ.,જીલ્લા આરોગ્ય અધિકારી,સહિતની જવાબદારી નિભાવતા હોવાથી કામ અર્થે બહાર રહેતા હોવાથી સિવિલમાં હાજર રહી શકતા નથી. પરંતુ સિવિલમાં સુપ્રિટેન્ડન્ટ મળતા ન હોવાથી બહારગામથી આવતા દર્દીઓને ધક્કા ખાવાનો વારો આવે છે જેને પગલે દર્દી તેમજ સગાઓમાં રોષ ફાટી જોવા મળ્યો છે.

# શહેરના આંતરિક વિસ્તારો બસ સેવાથી વંચિત

## પાલિકાના પાંચ વર્ષ પુર્ણ થવા આરે છતા સમસ્યા યથાવત, પ્રદુષણ માઝા મુકે તે પહેલા પગલાં જરૂરી

ગાંધીનગર, તા.૧૭

વિશ્વના તમામ દેશો વધતી જતી પ્રદુષણની સમસ્યાથી ભારે ચિંતીત બન્યા છે. જેમાં વળી દિલ્હી સરકાર દ્વારા પ્રદુષણ અટકાવવા લેવાયેલ પગલાંને સર્વોચ્ચ અદાલતે યોગ્ય ઠેરવીને અમલ કરવા તાકીદ કરી છે. આ પ્રદુષણ રાજયના પાટનગરને દુષિત કરે તે પહેલાં જાહેર પરિવહનની વ્યવસ્થા ઝડપથી અમલમાં આવે તે આવશ્યક બન્યું છે. દિન પ્રતિદિન નગરમાં વધી રહેલા વાહનો થકી પ્રદુષણની માત્રા વધવાની શકયતાઓ ડોકાઈ રહી છે ત્યારે નગરના આંતરિક વિસ્તારોને જાહેર પરિવહન વ્યવસ્થા સાથે સાંકળી લઈ ખાનગી વાહનોનો ઉપયોગ ઓછો થાય તેવા પગલાં લેવા જોઈએ તેવી ચર્ચાઓએ નગરમાં જોર પકડયું છે.

ગાંધીનગરના અસ્તિત્વ પછીના આટલા વર્ષોમાં અનેકગણો વિકાસ અને વિસ્તાર વધ્યો છે. જેમાં વસ્તી પણ ખુબ જ વધી છે. સેકટર-૧ થી સેકટર-૩૦ તેમજ આજુબાજુના નવા વિકસિત થતા વિસ્તારો સહિતની નગરમાં ભારે અવરજવર વધી ગઈ છે. નગરના સુમસામ ભાસતાં પહોળા માર્ગો હાલ અસંખ્ય વાહનો થકી ટુંકા લાગી રહ્યા છે. દરમિયાન પાલિકા અમલમાં આવીને પ્રજાલક્ષી કામગીરી વેગવાન બનાવવાના પ્રયાસો હાથ ધરી દીધા છે. પરંતુ નગરનો લાંબો પહોળો અને અતિ અવરજવર વાળો બનેલો વિસ્તાર જાહેર પરિવહન વ્યવસ્થાથી સતત વંચિત રહ્યો છે.





નગરમાં સીએનજી ગેસ આધારિત વિટકોસ શહેરી બસ સેવા ચાલુ કરાઈ છે પરંતુ આ સંચાલકોએ હાલમાં ચાલતી બસોને ડિઝલમાં ફેરવીને પ્રદુષણ વધારી દીધું છે તેમજ ફકત કમાણીવાળા રૂટ ઉપર જ બસોને લાવીને અન્ય વિસ્તારને અન્યાય કર્યો છે. જે અંગે પાલિકાની વહીવટી પાંખે ટેન્ડરો મંગાવી અન્ય રીતે કામગીરી કરવા ઠરાવ કર્યો છે વધુમાં રાજય સરકારે પણ ગુડા અને પાલિકાને નગરની પરિવહન વ્યવસ્થા માટે એસ.ટી. બસ ફાળવવા જાહેરાત કરી છે. પરંતુ આ તમામ બાબતોનો અમલ ઝડપથી થઈ રહ્યો નથી અને ખાનગી વાહનોની સંખ્યા વધી રહી છે જે કારણે પ્રદુષણમાં ભારે વધારો થઈ રહ્યો છે. ગાંધીનગરને સ્માર્ટસિટી બનાવવાના પ્રયાસોમાં આ ગંભીર સમસ્યાને નજર અંદાજ કરી શકાય તેમ નથી જેથી નગરમાં દરેક સેકટરમાંથી પસાર થાય તેવી જાહેર પરિહવન વ્યવસ્થા ઉભી થાય તે હાલના સમયનો તકાજો હોવાનું લોકો જણાવી રહ્યા છે.

## શિવરંજની દ્વારા આવતીકાલે યુવા ડાયરો 'યૌવન વીંઝે પાંખ'

ગાંધીનગર, તા.૧૭

નગરની જાણીતી કલા સંસ્થા શિવરંજની દ્વારા યુવા કલાકારોને પ્રોત્સાહિત કરવા 'યૌવન વીંઝે પાંખ' શિર્ષક હેઠળ તા. ૧૯ ડિસેમ્બરના રોજ ડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ડાયરાના આ કાર્યક્રમમાં ખાસ યુવાન કલાકારોની પસંદગી કરવામાં આવી છે.

સુર શબ્દોની આરાધના સાથે સાંસ્કૃતિક વૃત્તિ પ્રવૃત્તિમાં જોતરાયેલી શિવરંજની કલા સંસ્થા દ્વારા વર્ષ દરમિયાન વૈવિધ્યસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬ના ત્રીજા કાર્યક્રમ અંતર્ગત આગામી તા. ૧૯ ડિસેમ્બરના રોજ યુવા ડાયરાનો કાર્યક્રમ યોજાશે. 'યૌવન વીંઝે પાંખ' શિર્ષક હેઠળ આ કાર્યક્રમમાં યુવા કલાકારોને પ્રોત્સાહિત કરવાનો અભિગમ અપનાવાયો છે. અલબત્ત કાર્યક્રમ માટે એકદમ યુવાન કલાકારોની ખાસ પસંદગી કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં એ.આર. રહેમાનના નિદર્શન હેઠળ તાલીમ પામેલા જાણીતા કલાકાર આદિત્ય ગઢવી અને તેમના સાથીદારો ડાયરાની રમઝટ બોલાવશે.

## ચિરવિદાય

- સ્વ. દેસાઈ લીલાભાઈ કરશનભાઈ, ઉ.વ. ૬૮
- સ્વ. લક્ષ્મીબેન ચીમનભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૫
- સ્વ. મોતીભાઈ બચ્ચારામ પંચવાણી, ઉ.વ. ૮૦